નમસ્કાર ગાંધીનગર

પમરાટ

દરેક માણસ હવે બીજાનો ચહેરો લઈને નીકળે છે
વગર ચ્હેરાના લોકો પણ અરીસો લઈને નીકળે છે
નદીમાં પૂર આવે ત્યારે લોકો દૂર જઈ બેસે
પછી એ ઝાંઝવાં તરવા તરાપો લઈને નીકળે !

- ખલીલ ધનતેજવી.

પાથેય

મનનો મુક્તવિહાર

- રમેશ ઠક્કર

વ્યકિત મટીને જયારે આપણે વિશ્વમાનવી બનીએ છીએ ત્યારે જ સમષ્ટીની વ્યાપકતાનો ખ્યાલ આવે છે.જે માણસ ખુલે છે એ જ જગતના પારણે ઝુલે છે..અઢારમા વર્ષે યુવાનીના સંચાર સાથે મોહનદાસ ગાંધી સમુદ્રની અફાટ જળરાશીને અતિક્રમી દક્ષિણ આફ્રિકા ગમન કરેછે ત્યારે એક નવી સૃષ્ટીને આત્મસાત કરે છે...એમની દ્રષ્ટિને બૃહદ આકાશ મળે છે.ફરવામાં જ ખીલવાની શક્યતા આપોઆપ પડેલી હોય છે.

અમારી ગામઠી શાળાના આચાર્યએ અમને જીવનમંત્ર આપેલો કે 'મનને ખુલ્લું રાખવું... મુકતવિહાર કરવો.' બંધિયારપણું એ અભિશાપ છે... સ્વૈરવિહારની એક અનોખી સહેલગાહ હોય છે... વૃક્ષ વિકસે છે... ફેલાય છે..આકાશ અસીમ છે..તરણું ખુલ્લી હવામાં લહેરાય છે..પ્રકૃતિમાં કયાંય બંધિયાર માહોલ નથી...માણસ પણ એના અંશ તરીકે જો વ્યાપ વધારે તો અનેક અજાયબીઓ પામતો રહે છે.

આપણે જયારે વ્યાપક અભિગમ અપનાવીએ છીએ ત્યારે આપણી માન્યતાઓને નવો આયામ મળે છે..આપણે અન્યની વાતમાં પણ વજૂદ જોઇ શકીએ છીએ..મનની બારી ઉઘાડી કરીએ છીએ ત્યારે નવી દિશાઓની તાજગી તરબતર કરી જાય છે. વૈશ્વિક અભિગમથી જીવનાર માણસ કયારેય કૂપમંડૂક નથી હોતો..જગતના વ્યાપને માપવા ખુલ્લા હોવું અનિવાર્ય છે.

માણસે સમષ્ટિનું સાનિધ્ય પામવું હોય તો મુકત મને વિહરવું જોઇએ..એકવખત એ રાહ અપનાવ્યા પછી સ્થગિતતાનો શાપ આપણને લાગતો નથી એક નવ્ય કવિએ સાચું જ કહયું છે..

'ચાલવાના અર્થમાં ચાલ્યા પછી,
થોભવું દરવાજા જેવું હોય છે..!'

આજના માણસની સ્થિતિ એવી છે કે દુનિયા એની મુઠ્ઠીમાં છે અને ચરણ અટકી ગયેલાં છે..પહેલાં દુનિયા સિમીત હતી..પગદંડીઓ જ હતી પણ માણસની ખેપ અને રઝળપાટ એને વ્યાપકતાનો એહસાસ કરાવતાં...ચાલવું..વાંચવું કે લખવું એ જાણે સ્મૃતિવશ થતું જાય છે..ભૌતિકતાની દોડમાં આપણે સાચા અર્થમાં દોડવાનું ભુલી જ ગયા છીએ..દોડ શબ્દ હવે કેવળ હોડનો પર્યાય બની રહયો છે..

સીમાડા, શેઢા ,ગોદરું કે પાદર જેવા શબ્દો પરાયા લાગે છે..સેલ્ફી નું બીજું નામ આત્મરતિ છે...પોતાની આંખોથી માત્ર પોતાને જ નિહાળતો માણસ નેજવા ની નજરે નભદર્શન કરે એવી તો આશા પણ કયાંથી રાખી શકાય?

સમરસ ગ્રામપંચાયત ચીલો ચાતરે છે

તંત્રીસ્થાનેથી...

ગ્રામ પંચાયતોની ચૂંટણી આવે કે તરત સરકાર તરફથી 'સમરસ' કરવાની પેરવી શરૂ થઈ જતી હોય છે. એ માટે પંચાયતને વિશેષ અનુદાન પણ મળે છે. ગ્રામજનો પણ સમજણપૂર્વક શક્ય હોય ત્યાં સુધી ચૂંટણીમાં કોઠાં કબાડાં એન વેરઝેર ટાળવા માગતા હોય છે. ગુજરાતમાં ઘણી બધી પંચાયતોમાં આ સમરસતાનો કીમિયો કારગત નીવડ્યો છે. ચૂંટણી એ લોકશાહીનું અનિવાર્ય અંગ છે. પરંતુ બહુમતીથી ચૂંટાવા કરતાં સર્વાનુમતે ચૂંટાવું એ તો ઉત્તમ જ ગણાય. આપણી સંસ્કૃતિમાં સર્વાનુમતિનો વિશેષ મહિમા પણ છે. બહુમતીથી ચૂંટાયેલા પ્રતિનિધિ સામે ચૂંટણી હારી ગયેલા પ્રતિસ્પર્ધીની દુખતી રગ તો પાંચ વર્ષ સુધી અકબંધ જ રહે છે. વળી પાર્ટી સ્પિરિટ પર મેળવેલી બહુમતી સામેની હારેલી રાજકીય પાર્ટીને 'વિરોધ પક્ષ' તરીકે જ જુએ છે. એને વધુ ને વધુ નબળી પાડવાનો પ્રયાસ જ નહીં, એવા કારસા પણ શાસક પાર્ટી કરતી રહે છે. દેશની વિવિધ વિધાનસભાઓમાં વિરોધ પક્ષે ચૂંટાયેલા ધારાસભ્યોને લોભ-લાલચ આપી પોતાના પક્ષે કરવાની ઝુંબેશ ચાલતી રહે છે અને આ ધરાર અનૈતિક વ્યવહારને પ્રજા મૂંગે મોઢે જીરવતી રહે છે. ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસ સહિતના વિપક્ષોમાંથી વીણી વીણીને શક્તિશાળી નેતાઓને પદ કે પૈસાનાં પ્રલોભન આપી ખેરવી લીધા છતાં મતદારો તો મૂંગા જ રહ્યા. હવે ભાજપની એ કળા કારીગરી મમતા બેનરજી અપનાવી રહ્યા છે. પશ્ચિમ બંગાળમાં ભાજપની પાયાની ઈંટો જેવી પ્રતિભાને ખેરવ્યા પછી એમને નબળી પડી ગયેલી કોંગ્રેસના કાંગરા ખેરવવા માંડ્યા છે. ઉત્તર પ્રદેશમાં અખિલેશ યાદવ બહુજન પાર્ટીના નેતાઓને ખેરવવા માંડ્યા છે. આ બધી કૂડકપટવાળી રાજનીતિ કરનારા નેતાઓ પાછા ગ્રામ પંચાયતો 'સમરસ' બને એવી મંશા રાખતા હોય છે ! એક રીતે આ પણ લોકશાહીની ક્રૂર મજાક જ ગણાય. સરપંચોએ અને ગ્રામ પંચાયતોના સભ્યોએ જરા હિંમત કરીને કહેવાતા મોટા નેતાઓને પૂછવું જોઈએ કે જો તમે અમને 'સમરસ' થઈને રહેવાનો ઉપદેશ આપતા ફરો છો તો જાતે એનો અમલ કેમ નથી કરતા ? વસતિના ધોરણ મુજબ ગઠામણ જેવા ૪૮૦૦ મતદાર ધરાવતાં ગામમાં એક વાર હિંદુ સરપંચ બને છે અને બીજી ફેરા મુસલમાન. બેઉને સરખી તક સાંપડે છે. વિધાનસભામાં કેટલા લઘુમતી સમુદાયના ધારાસભ્યો ચૂંટાય છે ? દલિત-આદિવાસી સમુદાયને તો અનામતનો બેઠકોનો લાભ મળતો હોઈ એમનું પ્રતિનિધિત્વ જળવાઈ રહે છે. વાણિયા, બ્રાહ્મણ, ઈતરકોમ અને લઘુમતીને તો કોઈ પાર્ટી ભાગ્યે જ ટિકિટ આપે છે, સિવય કે શહેરોમાં. પહેલી લોકસભા કે ધારાસભાઓમાં આ તમામ વર્ગોનું સારું પ્રતિનિધિત્વ જળવાયું હતું. ક્રમશઃ એ ઘટતું ચાલ્યું છે. હવે મુસ્લિમોને ટિકિટ આપતાં તો એ સમુદાયને વોટબેંક માનતી કોંગ્રેસ પણ અચકાય છે. એવા સમયે શું કોઈ 'સમરસ' વિધાનસભાનો આદર્શ નમૂનો ગુજરાત જેવું આદર્શ રાજય રજૂ કરી શકે ખરું ? નરેન્દ્ર મોદી આગળ આવીને એવો પ્રયોગ હાથ ધરે તો એ શક્ય છે. કોંગ્રેસના અડધોઅડધ ધારાસભ્યો પસંદ કરી એમના નેતાને પણ અઢી વર્ષ માટે મુખ્યમંત્રી બનાવવા જેવી દરખાસ્ત મૂકવામાં આવે તો કદાચ ગુજરાત વિધાનસભા પણ ગઠામણની ગ્રામપંચાયતની જેમ સમરસ બની શકે ! વળી એમાં તમામ સમુદાયોનું સમ્યક્ પ્રતિનિધિત્વ પણ જળવાઈ રહે. જો કે આદર્શોની વાતો કરવી સહેલી છે - એનો અમલ ઘણો અઘરો છે. પરંતુ સમરસિયા નેતાઓએ ભેગા મળી આવો એકાદ પ્રયોગ પણ કરવા જેવો તો ખરો !

ઓમિકોનથી સચેત રહેવાની જરૂર....

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર

'ના કોઈ ઉંમગ હે ના કોઈ તરંગ હે
મેરી જિંદગી હે ક્યાં એક કટી પતંગ હે...'

આજે ગાંડાલાલ કંઈક નવા જ મૂડમાં હતા. આવું ગીત ગાઈ રહ્યા હતા. અચાનક ડાહ્યાલાલને આ ગીતની પંક્તિ ગાંડાલાલના અવાજમાં સાંભળવા મળ્યું. ડાહ્યાલાલે કહ્યું, ગાંડાલાલ કેમ આવા ઉદાસીનાં મૂડમાં છો. ગાંડાલાલ બોલ્યા. શું કરીએ સાહેબ કઈ સમજાતું નથી. વેપાર ધંધા માંડ-માંડ શરૂ થયા હતા. ચિકનગુનિયા, મેલેરિયા, ડેન્ગ્યુના ત્રાસમાંથી થોડી થોડી રાહત મળી હતી અને અચાનક પાછો ફરી કોરોના દેખાવા માંડ્યો. અને સાલો એટલો બધો બહુરુપિયો છે ને રુપ બદલીને પાછો આવ્યો છે. હવે ખબર નથી પડતી કે આપણું શું થશે. ચારેબાજુ હાહાકાર પાછો શરૂ થઈ ગયો છે. કોઈને કઈ ખબર નથી. આ નવો એટલે કે કોરોનાનું નવું રુપ જેને 'ઓમિક્રોન' કહે છે. ઓમિક્રોન કોરોના વાયરસ વિશે હજુ ખાસ કોઈ માહિતી નથી.



આફ્રિકામાંથી રૂપ બદલીને આપણી ઉપર ચડાણ કર્યું છે. ગાંડાભાઈએ કહ્યું, હા એટલે જ તો હું કટી પતંગ જેવો મારી જાતને અનુભવું છું. કાલે શું થશે એની ખબર નથી. પરિસ્થિતિ બગડશે કે સુધરશે? ડાહ્યાલાલે કહ્યું, ગાંડાલાલ આપણે નક્કી કર્યું હતું કે હવે કોરોના વિશે કશી જ વાત નઈ કરીએ. કોરોના લગભગ હવે આપણી વચ્ચેથી જતો રહેશે. વિપુલ બોલ્યો. આ ઓમિક્રોન વાયરસથી શું થાય. વાઘ આવ્યો રે વાઘ આવ્યો એવું પણ ના થાય. કારણ કે આ વાયરસ દુનિયામાં બે રીતે વર્તી શકે. એ ક તો જે કોરોના વાયરસ હતા જુના જેને કરોડો લોકોનો ભોગ લીધો. અને આ નવો વાયરસ જેનાથી હજુ સુધી એક પણ મૃત્યુ નોંધાયું નથી. ભલે ૩૨ દેશોમાં ઓમિક્રોન વાયરસે પોતાનો પગ જમાવ્યો હોય એના હિસાબે કોઈ મૃત્યુ આખી દુનિયામાં થયું નથી. નિલેશ બોલ્યો એ બધું તો ઠીક છે પણ એ લોકો હેરાન તો થવાના અને કોરોના થયો છે એવા ભાવથી એવો રિપોર્ટથી ભલભળાના સાંધા ગગડી જાય છે. મૃત્યુમાં મોટાભાગના કારણોનો ભય હતો.

કોરોના એટલે મોત અને મોત એટલે કોરોના એવું લોકો માનતા હતા. જે રીતે અમે એના હિસાબે લોકો માનસિક રીતે કોરોના થયો એટલે મોત અને માસનિક રીતે લોકો ભાંગી પડે છે. બાકી તો જે લોકોની રોગપ્રતિકારક શક્તિ સારી હોય છે. તેને કોરોના થાય છે છતાં પણ કંઈ થતું નથી. જે લોકોને ડાયાબિટીસ અથવા તો ઉંમર અથવા માનસિક રીતે શારીરિક રીતે નબળા માણસોને જ કોરોના ભરખી ગયો છે.

એટલે ગાંડાલાલ બોલ્યા, એનો મતલબ એ કે મનમાં કંઈ રાખવાનું નહીં ને ઉત્સાહથી કોરોનાનો સામનો કરવાનું. પણ એ તો કહો ઓમિકોનમાં શું છે. ઓમિકોનમાં જેમાં કોઈ પણ પ્રકારના લક્ષણો જેવા કે તાવ આવવો, ઉધરસ આવવી, શરદી થવી એવું કશું જ થતું નથી ફક્ત શરીરમાં થાક લાગે છે અને સાંધા દુઃખે છે. એના સિવાય કોઈ વખત સામાન્ય તાવ અને શરદી હોય. એટલે કોઈ પણ તકલીફ વગર કોરોના પોઝીટીવ આવે અને એનો જીનોટાઈપીંગ કરાવો તો ખબર પડે કે આ ઓમિકોન વાયરસ છે.

ભાવનગરના રાજવી વખતસિંહજી અને 'વખત બલંદ'

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

કવિ શ્રી ફૂલ વરસડા કૃત 'વખત બલંદ' કૃતિ ચારણી સાહિત્યમાં એક જાણીતી તથા કાવ્ય સમૃધ્ધ રચના છે. આમ જૂઓ તો આ રચના એક ઈતિહાસમૂલક કથાકાવ્ય જેવી છે. ભાષાની સમૃધ્ધિ સાથેજ ઈતિહાસની કડીબધ્ધ વિગતો પણ તેમાં મળે છે. 'વખત બલંદ' એ મૂળ ખેડા જિલ્લાના પુનાદ ગામના રહેવાસી કવિ ફૂલ વરસડાની રચના છે. કવિ ભાવનગરના કીર્તિવંત રાજવી વખતસિંહજી (આતાભાઈ) ગોહિલના શાસનકાળ (ઈ.સ.૧૭૭૨ થી ૧૮૧૬) દરમિયાન તેમના રાજય સાથે જોડાયેલા છે. 'વખત બલંદલ્લ એ પવાડા પ્રકારનું ચારણી કથાકાવ્ય છે. આ કાવ્યમાં ચાર લીટીની એક એવી ૬૭૩ કડીઓ છે. આ કાવ્યની રચના વિ.સં.૧૮૪૨માં (ઈ.સ.૧૭૮૬) કરવામાં આવી હતી. મહત્વની વાત એ છે કે કવિ ફૂલ વરસડાની આ એકજ કૃતિએ રાજવી વખતસિંહજીને ઈતિહાસમાં અમર કરી દીધા છે. કવિ ભાવનગર રાજય સાથે જોડાયેલા હતા તેથી રાજવીની પ્રશસ્તિ હોય તે સ્વાભાવિક ગણાય પરંતુ સારા એવા પ્રમાણમાં મહત્વના ઐતિહાસિક તત્વો પણ આ દીર્ઘ કાવ્યકૃતિમાં જોવા મળે છે. રાજવી વખતસિંહજીના અનેક પરાક્રમોને આ કાવ્યમાં બુલંદ રીતે રજૂ કર્યા હોવાથી આ કૃતિનું શીર્ષક 'વખત બલંદલ્લ ઉચિત છે.

વખતસિંહજી એ ગોહિલકુળના રાજવી છે. ગોહિલો સૂર્યવંશી ગણાયા છે. 'પ્રજાવત્સલ રાજવીલ્લ નામનું દળદાર તેમજ માહિતી સમૃધ્ધ પુસ્તકના લેખક ગંભીરસિંહજી ગોહિલના મતે સેજકજીથી શરૂ કરીને મહારાજા કૃષ્ણકુમારસિંહજી સુધીના ૭૦૦ વર્ષમાં ૨૬ રાજવીઓએ ભાવનગર રાજયના લોકોને હિતકારી હોય તેવો વહીવટ આપવા જાગૃત પ્રયાસ કર્યો છે. આ ઉજળી પરંપરાનાજ એક મહત્વના મણકા સમાજ રાજવી વખતસિંહજીએ લગભગ સાડાચાર દાયકા સુધી શાસનની ધુરા સંભાળી હતી.

'વખત બલંદ' કાવ્યના નાયક વખતસિંહજી છે. આથી તેમના વિશેની આ સુંદર કૃતિમાં રાજવીના અનેકવિધ ગુણો તથા તેમની શક્તિનું વર્ણન કરવામાં આવેલું છે. કવિ અ વખતસિંહજીને એક અજોડ ક્ષત્રિય વીર તરીકે વિભિન્ન ઉપમાઓ આપીને વર્ણવ્યા છે. 'વખત બલંદલ્લ કૃતિને ડૉ. બળવંત જાની, રતુભાઈ રોહડિયા તેમજ ડૉ. તીર્થંકર રોહડિયાએ સંપાદિત કરીને ૨૦૧૨માં પ્રકાશિત કરી છે. રતુભાઈ રોહડિયા તેમજ જાની સાહેબના ચારણી સાહિત્ય તેમજ લોકસાહિત્યના ક્ષેત્રમાં યોગદાનથી અનેક કૃતિઓ આપણાં સુધી પહોંચી છે. રતુદાનજીએ 'ગુજરાતના ચારણી સાહિત્યનો ઈતિહાસ' ખૂબજ કાળજી તેમજ હકીકતોની ખરાઈ કરીને લખ્યો છે. તેમાં પણ 'વખત બલંદ' તેમજ કવિ ફૂલ વરસડા વિશે વિગતો આપવામાં આવી છે.

'વખત બલંદ' ના સર્જકે ભાવનગર શહેરની સ્થાપના તેમજ તે સમયના સામાજિક જીવન વિશે માહિતી આપી છે. ભાવનગરની સૈન્ય શક્તિ વિશે પણ તેમાં મહત્વની માહિતી છે. કવિની આ તથ્યો રજૂ કરવાની રોચક કાવ્યશૈલિને કારણે આ કૃતિમાંથી પસાર થવું ગમે તેવું છે. જે તે સમયમાં કોઈપણ રાજવીની શક્તિ કે સામર્થ્ય માપવા માટે તેની પાસે કેટલું હાથીદળ કે અશ્વદળ છે તેની ગણના થતી હતી. સાંપ્રત સમયમાં પણ શસ્ત્રો અનેકગણા સંહારક બનવા છતાં સૈન્ય શક્તિનું મહત્વ લગભગ સમાનજ રહેવા પામ્યું છે. કવિ કહે છે કે ભાવનગર રાજયની સેનામાં અશ્વો કે હાથી કેટલા હતા. તેની ગણતરી કરવાનું કામ તો મૂઠી ભરીને પવન કે જળની ધારાઓ માપવા જેવું દુષ્કર કે અશક્ય હતું. રાજવી વખતસિંહજીની સેનામાં હાથીને પણ હણી નાખે તેવા તીરંદાજો હતા તેમજ મીણબત્તીને પણ અચૂક નીશાન બનાવે તેવા કુશળ બંદૂક ચલાવનારાઓ હતા. આ વીરો મહાશક્તિશાળી ગદાધર ભીમ સામે પણ મલ્લયુધ્ધ કરે તેવા શક્તિશાળી હતા. મૂળ પંક્તિમાં એટલે કે પવાડામાં આ વાત આ રીતે મૂકવામાં આવી છે :

હથ તીરમદાજ હને હસતી,
બંદુક નિસાને અ મુમબતી,
જિહરી જમદાઢ છા કરજકિ,
કિહિરી રા હથાણ ચલાવણકે..

ગુજરાતને તેમજ ભાવનગરને દરિયાકાંઠા સાથે અભિન્ન સંબંધ તથા સંપર્ક રહેલો છે. તે કારણસર ગુજરાતનો વેપાર વણજ બહારના અનેક દેશો સાથે વિકસીત થઈ શક્યો છે. આફ્રિકાના અનેક દેશોમાં પણ ગુજરાતનો વિકાસ સમુદ્રના માધ્યમથી પાંગરી શક્યો છે. ભાવનગરનો વેપાર પણ મુંબઈ ઉપરાંત એશિયાના દેશો સાથે બંધાયો તથા વિકસ્યો હતો તેની વિગતો કવિએ પોતાની વાણીમાં આલેખી છે. આ વેપારના વિકાસમાં ભાવનગરના વેપારીઓની નીતિમત્તા તેમજ કુશળતા એ બન્ને બાબતો કવિના મતે મહત્વના હતા.

રાજવી વખતસિંહજી એ એવા પ્રતાપીરાજવી હતા કે જેમણે ભાવનગરની નાની મોટી સતામણી જે લોકો કે જૂથો તરફથી થતી હતી તેવા લોકોનીસાથે વીરતાપૂર્વક સંઘર્ષ કર્યા છે. લાંબા તેમજ કટોકટીભર્યા સંઘર્ષ પછી વખતસિંહજી વિજયી થયા છે. આ બધી લડાઈઓની ભરપૂર વિગતો આ કૃતિમાં મળે છે. તળાજાની લડાઈ, ઝાંઝમેરમાં હમીર તથા તેના સાથીઓ સાથેનું યુધ્ધ તેમજ પાલીતાણાના ભાયાત રાજવીઓ સાથેના યુધ્ધનું રોચક વર્ણન કવિની જોમવંતી ભાષામાં થયેલું છે. રાજવી એક લડવૈયા હતા તેમજ ધાર્મિક વૃત્તિ પણ ધરાવતા હતા તેની વિગત કવિએ કાવ્યામાં આપી છે. ઈતિહાસમાં નોંધાયેલી વિગતો મુજબ રાજવીએ ગિરનાર, પ્રભાસપાટણ, પ્રાચી, દ્વારિકા જેવા સ્થળોની યાત્રા શ્રધ્ધા સાથે કરી હતી. સૌરાષ્ટ્રના મધ્યયુગના ઈતિહાસમાં લખાયેલી વિગતો જોતાં રાજવી વખતસિંહજીનુંપદ તેમજ પ્રતિષ્ઠાની દ્રષ્ટિએ એક આગવું નામ હતું. તે કાળમાં જૂનાગઢના દીવાન અમરજી, જામનગરના દીવાન મેરૂ ખવાસ, ભાવનગરના રાજવી વખતસિંહજી તથા ગોંડલના રાજવી ભા કુંભાજી એ બધામાં રાજકીય કાર્યક્ષમતા ઉપરાંત સંગઠન તેમજ વહીવટને સંબંધિત ગુણો હતા. ભાવનગરને એક મજબૂત રાજય બનાવવામાંવખતસિંહજીનો ફાળો મહત્વનો હતો. ચારણી સાહિત્યનું આ ઐતિહાસિક કાવ્ય તત્કાલિન કાળના ઘણાં તથ્યો જાળવીને સુંદર રચનામાં પરિણમ્યું છે. કવિશ્રીના વંશજના કહેવા અનુસાર કવિને કાવ્યશાસ્ત્રનું વિધિસર જ્ઞાન ભૂજની વૃજભાષા પાઠશાળામાં આપવામાં આવ્યું હતું. ઐતિહાસિક તથ્યોને સુંદર સાહિત્યીક કૃતિમાં સાચવવાનો કવિનો આ પ્રયાસ એ મહત્વની ઐતિહાસિક સામગ્રીના ભંડાર સમાન પણ છે.

જીવન એ કોઈ ગણિત નથી, પરંતુ એની એક 'કેમિસ્ટ્રી' જરૂર હોય છે!

સંવેદનનું સ્ટેટસ
રમેશ ઠક્કર

એવું કહેવાય છે કે કોઈપણ માણસ વિશે અભિપ્રાય બાંધવામાં બહુ ઉતાવળ ના કરવી..એની પાછળનું કારણ એ છે કે પ્રત્યેક વ્યકિત પોતાની સમજણ મુજબ પોતાનું જીવન શ્રેષ્ઠ રીતે જ જીવવાનો પ્રયત્ન કરતો હોય છે. આઉટસાઈડર તરીકે આપણે કોઈના પણ જીવનને કઈ રીતે મુલવી શકીએ ? દરેકને પોતપોતાની માન્યતાઓ હોય છે..પોતાની જીવનશૈલી હોય છે..એટલું જ નહીં પ્રત્યેક માણસને પોતાના ગામ અને અણગમા પણ હોય છે..જેમ આપણે કોઈને માટે કશુંક કહેવું હોય છે,એટલી જ તાલાવેલી સામેની વ્યકિતને આપણા માટે પણ થતી હોય છે..જાણેઅજાણે આપણે કોઈ પણ માણસનું સરવૈયું કાઢતા રહીએ છીએ.

સુરેશ દલાલ સાથેના વાર્તાલાપનું એક સુંદર પુસ્તક છે 'ડાયલૉગ'..એમાં એમને પ્રશ્ન કરવામાં આવે છે કે 'જગત વિશે તમે શું કહેવા માગો છો ?'..એનો જવાબ એ બહુ સરસ આપે છે અને કહે છે.. 'કોઈના પણ વિનોબા ભાવે થવામાં મને જરા પણ રસ નથી !' .આપણે આપણી રીતે જ જગતકાજી બની જતા હોઈએ છીએ..એમાં આપણે પોતે તો નકામી પીડાને આમંત્રણ આપીએ જ છીએ, પરંતું કારણ વગર જો કોઈકને મુશ્કેલીમાં પણ મુકી દેતા હોઈએ છીએ...

એવું કહેવાય છે કે કોઈપણ માણસ ઈચ્છે તો પણ સદગુણોનો સંગ્રહ બની શકતો નથી..અને કોઈપણ માણસ ગમે તેટલો બેફામ બને તો પણ દુર્ગુણોનો સર્વકોશ બની શકતો નથી..ઈશ્વરે દરેકને કોઈક વિશેષતા આપી છે..અલગ અલગ આવડત કે હોંશિયારી આપી છે..પ્રત્યેક વ્યકિતની શારીરિક અને માનસિક શકિતઓ એકસરખી હોતી નથી..ઘણા અતિ લાગણીશીલ હોય છે..કેટલાક ઠાવકા અને વ્યવ્હારૂ હોય છે..આ બધાં પરિબળો ઉપરાંત માણસની સફળતા નિષ્ફળતા ઉપર જે ચીજ સૌથી મહત્વનો ભાગ ભજવે છે એ છે એના સંજોગો અને એનો ઉછેર..એ રીતે જો આપણે સામેની વ્યકિતને સમજીએ તો ઉતાવળે બાંધેલા અભિપ્રાયો ટકી શકતા નથી.

ગાંધીજી દ્રઢપણે એવું માનતા હતા કે 'દરેક માણસ મુળભુત રીતે સારો જ હોય છે..એના સંજોગો ખરાબ હોય છે.'આપણને સામેના માણસમાં જો કોઈ વસ્તુ ખરાબ કે અણગમતી લાગતી હોય તો એમાં બે માપદંડો કામ કરે છે..એક તો એના વિશેની આપણી પૂર્વધારણાઓ અને બીજી એના સંજોગો માટેની અધુરી જાણકારી...અને એટલે જ કોઈના માટે આખરી અભિપ્રાય આપતાં પહેલાં આ બાબતો જાણી લેવી જરૂરી બનતી હોય છે..

આપણી જિંદગીને મીનીંગફૂલ નહી પરંતુ ફીલીંગફૂલ બનાવવી જોઈએ..જીવન એ કોઈ ગણિત નથી પણ એની એક 'કેમિસ્ટ્રી ' જરૂર હોય છે..આયખાના પર્યાપ્ત અનુભવો પછી એટલુ ચોકકસ કહી શકું કે જીવન એ ગાણીતિક સમીકરણો નહી કાવ્યાત્મક અમીકિરણોનો ગુચ્છ છે..એમાં થોડુંક ઉંઁ.. ફેકટર પણ જરૂરી છે...એચ.પી. એટલે હરખપદુડા..! આપણે પોતાની માન્યતાઓને સક્કડ વળગી રહીએ છીએ..આપણે જે કિનારે ઉભા રહીએ છીએ એની સામેના કિનારાની પણ અલગ સંસ્કૃતિ હોય છે અલગ વૈભવ હોય છે..

આપણી માન્યતાઓ માટે ઘણીવાર આપણે કારણવગર શિસ્તબધ્ધ રહીએ છીએ.અને અકારણ અનુશાસન અપનાવીને દુઃખી થતા રહીએ છીએ..આપણું સ્માઈલ પણ શ્રુતલેખન જેવું બની રહે છે..આની સામે થોડાક છલકાઈ જવાનું સાહસ કરવા જેવું હોય છે. મનને મુકતપણે મલકવા દઈએ તો જીવનના એક મૌલિક પૃષ્ઠને ઉજાગર થતું અનુભવી શકાય છે...માનવસંબંધોને માપતોલ નાં કાટલાં થકી તોલવાના બદલે કયારેક લાગણીની ફૂટપટ્ટીથી માપતાં જીવનરાહ વધારે મુલાયમ રીતે મપાય છે...આપણે ધબકતા માણસ છીએ કોઈ શુષ્ક પાંચિકા નહીં જે કોઈ માપદંડો થકી રમતનો હિસ્સો બની રહીએ..

માણસ એટલે માણસ વત્તા એના સંજોગો અને એનો પરિવેશ એમ જો આપણે એને સમજવાનો આયાશ કરીએ તો જ એ સાચું મૂલ્યાંકન ગણી શકાય..આપણે જેના માટે અણગમો ધરાવીએ એ માણસ ગમે તેટલો બદલાય,એના જીવનમાં એ ક્રમશઃ ઉન્નત બની નવા જ સ્વરૂપે આપણી સામે આવે,સંજોગો બદલાય તો પણ એને માપવાની આપણી ફૂટપટ્ટી બદલાતી નથી ! અણગમાને અતિક્રમી જવાથી જ ઘણીવાર સત્ય લાધતું હોય છે.

એકસરખા દિવસ કે રાત હોતાં નથી..જગતમાં આખરી સત્ય શું છે એ હજુ શોધનો વિષય છે..એનો વ્યાપ એટલો વિશાળ છે કે કોઈ એકલદોકલ અભિપ્રાય કે માપદંડ એમાં ચાલી શકે નહીં..આપણે આડેધડ રીતે કોઈકનું સરવૈયું કાઢી નાખીએ છીએ..એમાં સારું અને ખરાબ એમ બે જ ખાનાં રાખીએ છીએ.ઘણીવાર આપણે આપણી માન્યતાને જ મ્હોર મારી એને સત્યનો સિમ્બોલ બનાવી દઈએ છીએ..પરંતું આપણે એ ના ભૂલવું જોઈએ કે જેમ સંજોગો હંમેશાં એકસરખા નથી હોતા એમ માણસ પણ ક્યારેય એકસરખો હોતો નથી...એ કાપડનો લાંબો તાકો નથી..પરંતું એ અસંખ્ય જીવનતથ્યોનો એક વણાટ છે..માણસને માનતાં પહેલાં એના સુક્ષ્મ વણાટને જો સમજીએ તો જ કદાચ આપણો અભિગમ સમતોલ બનતો હોય છે...

(rrthakkar2@gmail.com)

દિન મહિમા

- ભારતીય નૌસેના દિવસ જમીન અને વાયુથી અલગ સમુદ્રી સીમાઓ પર રહીને દેશની રક્ષા કરનારા નૌસેનાના બહાદુરોની પોતાની અલગ દુનિયા જહાજ પર હોય છે. નૌસેના દિવસ ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં ભારતીય નૌસેનાની જીતનાં રુપમાં ઉજવાય છે.

આજનું

ઔષધ

- એક ચમચી લીંબુનો રસ, એક ચમચી આદુનો રસ, ચપટી સિંધવ મીઠું મેળવી પીવાથી અજીર્ણ મટે છે.

ખડખડાટ

અમુક લોકો તો એવા હોય છે કે આપણે મંદિરમાં મળીયે તો પણ પૂછે.

દર્શન કરવા આવ્યા છો?

(પછી મનના ને મનમાં કહેવાની ઈચ્છા થાય)

ના આ તો ચપ્પલ જૂના થઈ ગયા છે ને એલે બદલવા આવ્યો !!!

આજનો

વોટ્સએપ

- જો મહેનત એક આદત બની જાય, તો સફળતા એક મુકદ્દર બની જાય છે.
- એક સારું જીવન જીવવા માટે એ સ્વીકારવું જરૂરી છે, કે આપણી પાસે જે છે એ જ સર્વશ્રેષ્ઠ છે.

આજની

પ્રેરક બોધકથા

મુક્તાનંદ સ્વામી પચાસેક સાધુઓ સાથે મારવાડ દેશમાં ગયા હતા. ત્યાં એમનું અપમાન થતું અને ભિક્ષા પણ દુર્લભ થઈ જતી હતી. એકવાર ત્રણ દિવસના ઉપવાસ થયા. ચોથે દિવસે એક શ્રદ્ધાળુ બ્રાહ્મણે સાધુઓને ઘેર ભોજન કરવા આમંત્રણ આપ્યું. મુક્તાનંદ સ્વામીએ કહ્યું, 'અમારે ગળ્યું અને ચીકણું ન ખાવા ના નિયમો છે માટે જો એકલી ખીચડી બનાવજો, અને ખીચડીમાં ઘી ન નાખતાં.'

આવી પ્રતિજ્ઞા જોઈ બ્રાહ્મણ રાજી થયો. એણે હોશથી ખીચડી બનાવી. સંતોને જમવા બેસાડ્યા. બ્રાહ્મણે ખુદ પત્તરમાં ખીચડી પીરસવા માંડી. મુક્તાનંદ સ્વામી ને ખીચડીની સુગંધ ઉપરથી ખ્યાલ આવ્યો કે ખીચડીમાં ઘી નાખ્યું હોય એવું લાગે છે. સ્વામીએ બ્રાહ્મણને પૂછ્યું, 'તમે ખીચડીમાં ઘી નાખ્યું છે.' યજમાને કહ્યું, 'ના મહારાજ, તમારી સૂચના મુજબ ખીચડીમાં જરાય ઘી નાખ્યું નથી, પણ ઠાકોરજીને ધરાવવાની જે ખીચડી હતી તેમાં થોડુંક ઘી નાખ્યું હતું - પછી પ્રસાદીની એ ખીચડી આ બધી ખીચડીમાં ભેળવી દીધી છે.' આ સાંભળી મુક્તાનંદ ઊભા થઈ ગયા અને બોલ્યા 'મને ભલે ચોથો ઉપવાસ થશે. મારાથી જમાશે નહિં.' બીજા સંતો પણ અટકી ગયા. મુક્તાનંદે એમને જમી લેવા આગ્રહ કર્યો અને કહ્યું, 'ઠાકોરજીને ધરાવેલી ખીચડીમાં અલ્પ માત્રામાં ઘી ઉમેરેલું છે એટલે આપ બાધ ન રાખશો અને જમી લેશો કારણ કે તમને ત્રણ ઉપવાસ થયા છે. હું આપ સૌ વતી મહારાજ પાસે ક્ષમા માગી લઈશ.' પોતે મક્કમ રહી મુક્તાનંદ સ્વામીએ ચોથો ઉપવાસ કરી સાથી સંતોને જમાડ્યા અને યજમાનના અન્નનો બગાડ અટકાવ્યો.

વિચાર

- મુઝે ઈંસાન બહુત મિલે લેકિન, ઈંસાનિયત કહીં નહીં મિલી

ઈકબાલ દિલ્લીવાલા

- અનુભવનો એક કાંટો ચેતવણીના જંગલથી વધારે મૂલ્યવાન છે.

લોવેલ

- ઈશ્વર તમને જેવા બનાવ્યા હોય એ કરતાં સહેજ પણ ઊતરતા ન બનવું, એમાં જ તમારું ગૌરવ છે.

પેરી ક્લિસ્

- અસલ વસ્તુ ને કેળવ હોય છે વળગાડ કષ્ટોનું, કદી નકલી ગુલાબોમાંથી અમે કાંટા નથી જોયા

જલન માતરી